પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૮ અંક :૪૦ કુલ પાના : ૪ તારીખ : ૦૭-૧૦-૨૦૨૪ સોમવાર કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com







## જમ્મુ-કાશ્મીરમાં ફરી એકવાર મહેબૂબા કિંગમેકર બનશે ! આ વખતે તે કોની સાથે જશે?

શ્રીનગર

જમ્મુ-કાશ્મીરમાં ૧૦ વર્ષ બાદ વિધાનસભાની ચૂંટણી યોજાઈ રહી છે. ત્રણ તબક્કામાં ૯૦ બેઠકો પર મતદાન થયા બાદ એક્ઝિટ પોલ બહાર આવ્યા છે. એક્ઝિટ પોલ અનુસાર, જમ્મુ-કાશ્મીરની ૯૦ બેઠકોમાંથી કોંગ્રેસ અને નેશનલ કોન્ફરન્સના ગઠબંધનને ૩૫થી ૪૦ બેઠકો મળી શકે છે, જ્યારે ભાજપને ૨૦થી ૨૫ બેઠકો મળી શકે છે. આવી સ્થિતિમાં મહેબૂબા મુફ્તીની પાર્ટી જમ્મુ-કાશ્મીર પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટી કિંગમેકરની ભૂમિકા ભજવી શકે છે. જોકે, આ એક્ઝિટ પોલના અંદાજો છે. ૮ ઓક્ટોબરે ચૂંટણીના પરિણામો જાહેર થશે. ત્યાર બાદ જ નક્કી થશે કે જમ્મુ-કાશ્મીરમાં ખરેખર કયો પક્ષ સરકાર બનાવશે.

આ એક્ઝિટ પોલ અનુસાર, મહેબૂબા મુફ્તીની પાર્ટી પીડીપીને ચારથી સાત બેઠકો મળી શકે છે, જ્યારે અન્યને ૧૨થી ૧૮ બેઠકો મળી શકે છે. ૧૦ વર્ષ પહેલા યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં પણ મહેબૂબા મુફ્તીએ કિંગમેકરની ભૂમિકા ભજવી હતી અને કોંગ્રેસ અને નેશનલ કોન્ફરન્સને બદલે ભાજપ સાથે જવાનું નક્કી કર્યું હતું. આ વખતે એક્ઝિટ પોલ પ્રમાણે મહેબૂબા મુફ્તી ફરી કિંગમેકરની ભૂમિકા ભજવી શકે છે. જો કે, આ ચૂંટણી પછી તે કયા પક્ષ સાથે જાય છે તે ચૂંટણીના પરિણામો જ નક્કી કરશે.

૨૦૧૪ની વિધાનસભા ચૂંટણીમાં પીડીપીએ ૨૮ બેઠકો જીતી હતી, જ્યારે ભાજપે ૨૫, નેશનલ કોન્ફરન્સને ૧૫ અને કોંગ્રેસને ૧૨ બેઠકો મળી હતી. જો કે તે ચૂંટણીમાં પીડીપી સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી આવી હતી, પરંતુ એક્ઝિટ પોલમાં આ વખતે પીડીપીની સીટોની સંખ્યા ઓછી છે, પરંતુ એક્ઝિટ પોલમાં કોઈ પણ પાર્ટીને બહુમતી મળતી દેખાતી નથી. આવી સ્થિતિમાં મહેબૂબા મુફ્તી કિંગમેકરની ભૂમિકા ભજવી શકે છે.

બીજી તરફ પીપલ્સ પલ્સના એક્ઝિટ પોલ અનુસાર નેશનલ કોન્ફરન્સ-કોંગ્રેસ ગઠબંધન બહુમતીનો આંકડો પાર કરી શકે છે અને ૪૬-૫૦ બેઠકો મેળવી શકે છે. આ પછી ભાજપને ૨૩-૨૭ બેઠકો મળવાની આશા છે. પીડીપીને ૭-૧૧ સીટો મળવાની આશા છે. બીજી બાજુ, મેટ્રિસ એક્ઝિટ પોલ મુજબ, ભાજપ અને એનસીને ૨૮-૩૦ બેઠકો મળવાની ધારણા છે, પીડીપીને ૦૫-૦૭ બેઠકો અને અન્યને ૦૮-૧૬ બેઠકો મળવાની ધારણા છે. બીજી તરફ, આજતક અને સી-વોટરના એક્ઝિટ પોલમાં નેશનલ કોન્ફરન્સ અને કોંગ્રેસના ગઠબંધનને ૪૦થી ૪૮ બેઠકો મળવાનો અંદાજ છે, જ્યારે ભાજપને ૨૭થી ૩૨ બેઠકો અને પીડીપીને મળવાનો અંદાજ છે. ૬-૧૨ બેઠકોનો અંદાજ છે, જ્યારે અન્યને ૬-૧૧ બેઠકો મળવાનો અંદાજ છે.

જમ્મુ-કાશ્મીરમાં ૧૦ વર્ષ બાદ ચૂંટણી યોજાઈ રહી છે. જમ્મુ-કાશ્મીરમાંથી અનુચ્છેદ ૩૭૦ નાબૂદ કર્યા બાદ અને તેને કેન્દ્રશાસિત પ્રદેશ બનાવવામાં આવ્યા બાદ પ્રથમ વખત વિધાનસભાની ચૂંટણી યોજાઈ છે. આ ચૂંટણીમાં નેશનલ કોન્ફરન્સ અને કોંગ્રેસ વચ્ચે ગઠબંધન છે, જ્યારે ભાજપ અને પીડીપી અલગ-અલગ ચૂંટણી લડી રહ્યા છે. આવી સ્થિતિમાં ભાસ્કર રિપોર્ટર્સ પોલના એક્ઝિટ પોલમાં દાવો કરવામાં આવ્યો છે કે ચૂંટણી પરિણામો બાદ મહેબૂબા મુફ્તી મહત્વની ભૂમિકા ભજવી શકે છે.

## ભારત-પાકિસ્તાનના સંબંધો સુધરવાના નથી જઈ રહ્યો, એસ જયશંકર

નવીદિલ્હી

એવી જાહેરાત કરવામાં આવી છે કે ભારતના વિદેશ પ્રધાન એસ જયશંકર પાકિસ્તાનમાં યોજાનારી શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન સમિટમાં ભાગ લેવા પાકિસ્તાન જશે. આ જાહેરાતના એક દિવસ બાદ એસ જયશંકરે પાકિસ્તાનની મુલાકાતને લઈને મોટું નિવેદન આપ્યું હતું અને કહ્યું હતું કે તેઓ પાકિસ્તાન સાથે સંબંધો સુધારવાના મુદ્દા પર વાત કરવાના નથી પરંતુ એસસીઓ સમિટમાં ભાગ લેવા ઈસ્લામાબાદ જશે.

વાસ્તવમાં, વિદેશ મંત્રી એસ જયશંકરે કહ્યું કે તેઓ ઈસ્લામાબાદમાં 'ભારત-પાકિસ્તાન સંબંધો' પર ચર્ચા કરવાના નથી, પરંતુ પડોશી દેશની મુલાકાત લેવાનું કારણ ત્યાં આયોજિત બહુપક્ષીય કાર્યક્રમ છે. તેમણે કહ્યું કે તે પાકિસ્તાનમાં યોજાનારી એસસીઓ સમિટ ૨૦૨૪માં એટલા માટે જ જઈ રહ્યો છે કારણ કે તે એસસીઓનો સારો સભ્ય છે.

હકીકતમાં, નવી દિલ્હીમાં એક કાર્યક્રમ દરમિયાન એસ જયશંકરે કહ્યું હતું કે હું આ મહિનાના મધ્યમાં પાકિસ્તાન જઈ રહ્યો છું અને તેનો હેતુ એસસીઓ બેઠકમાં ભાગ લેવાનો છે. તેમણે કહ્યું, "હું અપેક્ષા રાખું છું કે તેમાં મીડિયાનો ઘણો રસ હશે કારણ કે તે સંબંધની પ્રકૃતિ છે અને મને લાગે છે કે અમે તેનો સામનો કરીશું, પરંતુ હું કહેવા માંગુ છું કે તે બહુપક્ષીય ઈવેન્ટ માટે હશે.

એસ જયશંકરે કહ્યું કે મારો મતલબ કે હું ત્યાં ભારત-પાકિસ્તાન સંબંધો પર ચર્ચા કરવા નથી જઈ રહ્યો. હું એસસીઓનો સારો સભ્ય બનીને ત્યાં જઈ રહ્યો છું. જયશંકરે કહ્યું છે કે સામાન્ય રીતે વડાપ્રધાન ઉચ્ચ સ્તરીય બેઠકોમાં જાય છે, રાજ્યના વડાઓની બેઠકો હોય છે, આ પરંપરા અનુસાર છે. આવું એટલા માટે થયું કારણ કે આ બેઠક પાકિસ્તાનમાં યોજાઈ રહી છે, કારણ કે અમારી જેમ તેઓ પણ પ્રમાણમાં તાજેતરમાં તેના સભ્યો બન્યા છે.

ઉલ્લેખનીય છે કે એસસીઓ કાઉન્સિલ ઓફ હેડ્સ ઓફ ગવર્નમેન્ટની બેઠક માટે ઓગસ્ટની શરૂઆતમાં ભારતને પાકિસ્તાન તરફથી આમંત્રણ મળ્યું હતું. અગાઉ મે ૨૦૨૩માં પાકિસ્તાનના તત્કાલિન વિદેશ મંત્રી બિલાવલ ભુટ્ટો ઝરદારીએ ગોવામાં એસસીઓ બેઠક માટે ભારતની મુલાકાત લીધી હતી. ઘણા વર્ષોમાં પાકિસ્તાનના વિદેશ મંત્રીની ભારતની આ પ્રથમ મુલાકાત હતી. જેના કારણે ૨૦૧૫ બાદ પ્રથમ વખત કોઈ વિદેશ મંત્રી પાકિસ્તાનની મુલાકાતે છે.

## ગુજરાત એટીએસ અને એનસીબીને મળી મોટી સફળતા, રૂ. ૧૮૧૪ કરોડનું ડ્રગ્સ ઝડપ્યું

ગાંધીનગર

ગુજરાતમાં વધુ એક વખત એટીએસ અને એનસીબીએ સંયુક્ત ઓપરેશન હાથ ધરી કરોડો રૂપિયાનું ડ્રગ્સ ઝડપી મોટી કાર્યવાહી કરી છે. ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ સફળ ઓપરેશન પાર પડતા અભિનંદન આપ્યા છે.



ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર ગુજરાત એટીએસ અને એનસીબી , દિલ્હીને ડ્રગ્સ સામેની લડાઈમાં મોટી જીત બદલ અભિનંદન! આપતી ટ્વિટ કરી છે. તેમણે લખ્યું છે કે, તાજેતરમાં, ભોપાલમાં એક ફેક્ટરીમાં દરોડો પાડી એમડી ડ્રગ્સ અને એમ ડી ડ્રગ્સ બનાવવા માટે વપરાતી સામગ્રી જપ્ત કરી છે, જેની કુલ કિંમત રૂપિયા ૧૮૧૪ કરોડ છે!

આ સિદ્ધિ માદક દ્રવ્યોની હેરાફેરી અને દુરુપયોગ સામે લડવામાં અમારી કાયદા અમલીકરણ એજન્સીઓના અથાક પ્રયત્નોને દર્શાવે છે. તેમના સહયોગી પ્રયાસો આપણા સમાજના સ્વાસ્થ્ય અને સુરક્ષાની સુરક્ષામાં નિર્ણાયક છે.અમારી કાયદા અમલીકરણ એજન્સીઓનું સમર્પણ ખરેખર પ્રશંસનીય છે. ચાલો ભારતને સૌથી સુરક્ષિત અને સ્વસ્થ રાષ્ટ્ર બનાવવાના તેમના મિશનમાં તેમને સમર્થન આપવાનું ચાલુ રાખીએ!

## ડાકોરથી ભક્તો ભૂખ્યા પરત નહિ જાય! મંદિર દ્વારા વિના મૂલ્યે ભોજન પ્રસાદીની જાહેરાત

ડાકોર

ગુજરાતના અનેક મંદિરોમાં ભક્તોને વિના મૂલ્યે ભોજન પ્રસાદી આપવામાં આવતી હોય છે. ત્યારે ડાકોર મંદિરમાં રણછોડરાયજીના દર્શન કરવા આવતા ભક્તો માટે ખુશીના સમાચાર આવ્યા છે. બવે ડાકોર દર્શનાર્થે આવતા ભક્તો નહીં રહે ભૂખ્યા. આવતીકાલથી ડાકોર દર્શનાર્થે પધારતા તમામ ભક્તો વિના મૂલ્યે ભોજન પ્રસાદી લઈ શકશે.

ડાકોર ટેમ્પલ કમિટી દ્વારા આ મહત્વનો નિર્ણય લેવાયો કે, રણછોડરાય મંદિર નજીક આવેલી ગૌશાળા પાસે યાત્રી નિવાસ નીચે ભક્તો માટે વિના મૂલ્યે ભોજનની વ્યવસ્થા કરાશે. આ ભોજન પ્રસાદીનો હજારોની સંખ્યામાં ભક્તોને લાભ મળશે. આવતીકાલ સોમવારથી ભક્તોને ડાકોર મંદિરમાં ભોજન મળશે.

અત્યાર સુધી ડાકોર ખાતે મંદિર પ્રશાસન તરફથી વિના મૂલ્યે ભોજનની કોઈ વ્યવસ્થા ન હતી. ભક્તોને જાતે જ વ્યવસ્થા કરવી પડતી હતી. ત્યારે મંદિર દ્વારા ભોજન પ્રસાદની વ્યવસ્થા કરવાથી ભક્તોમાં આનંદનો માહોલ છવાયો છે. ભક્તોએ આ નિર્ણયને આવકાર્યો છે.

મહિસાગર, ખેડા આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા, નડીયાદ, કપડવંજ, કઠલાલ, ઠાસરા, માતર
પંચમહાલ સમાચાર

# મહીસાગર જીલ્લાના વીરપુર તાલુકાની અંદાજીત ૫૦૨.૮૧ લાખના ખર્ચે નિર્માણ પામેલ નવીન કોર્ટ બિલ્ડિંગનો લોકાર્પણ સમારોહ યોજાયો




મહીસાગર,
એડમીનીસ્ટ્રેટીવ જજ (મહીસાગર જીલ્લો) અને હાઈકોર્ટ ઓફ ગુજરાતના જજ પ્રણવ ત્રિવેદીના વરદ્ હસ્તે મહીસાગર જીલ્લાના વીરપુર બી. આર. સી ભવનની બાજુમાં અંદાજીત ૫૦૨.૮૧ લાખના ખર્ચે નિર્માણ પામેલ અત્યાધુનિક સુવિધાસભર નવી સિવિલ કોર્ટ બિલ્ડિંગનું લોકાર્પણ કરાયું.

આ પ્રસંગે એડમીનીસ્ટ્રેટીવ જજ (મહીસાગર જીલ્લો) અને હાઈકોર્ટ ઓફ ગુજરાતના જજ પ્રણવ ત્રિવેદીએ જણાવ્યું હતું કે, નવી કોર્ટ બિલ્ડિંગ તેની આધુનિક સુવિધાઓ અને અદ્યતન ભૌતિક માળખાકીય સુવિધાઓથી સજ્જ છે. નવીન કોર્ટ ભવન મળતા ન્યાયની પ્રક્રિયા વધુ ઝડપી બનવાની સાથે લોકોને અત્યાધુનિક સુવિધાઓ પ્રાપ્ત થશે. તેમણે લોકોને ઝડપી અને સરળ ન્યાય અપાવવામાં વકીલો અને ન્યાયાધિશઓની ભૂમિકા મહત્વની હોવાનું જણાવ્યું હતું.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, નવીન ન્યાય ભવના નિર્માણથી લોકોની ઝડપથી ન્યાય મળશે, નાગરિકો કોર્ટને વિશ્વાસથી જોવે છે અને લોકો કોર્ટને ન્યાય મંદિર તરીકે જોવે છે ત્યારે વકીલો પાસે આવતા વ્યકિતઓ આશા અને વિશ્વાસથી આવતા હોય છે તેથી તેમને વ્યવસ્થિત સાંભળીને વકીલો તેમની ફરજ નિભાવે.

આ નવીન કોર્ટ બિલ્ડિંગમાં પ્રિસાઈડિંગ ઓફિસરની ચેમ્બર, મદયસ્થી કક્ષ, વકીલ બાર, ઈ સેવા કેન્દ્ર, ચિલ્ડ્રન રૂમ, મેડિકલ ફેસીલીટી, કોર્ટ રૂમ, લેડીસ વિટનેસ રૂમ, સેન્ટ્રલ રેકર્ડ રૂમ, કોન્ફરન્સ રૂમ અને લાયબ્રેરી જેવી અધતન સુવિધાઓથી સજ્જ છે.

આ પ્રસંગે મહીસાગર પ્રિન્સિપાલ ડિસ્ટ્રિક્ટ જજ એમ. એન ગડકરીએ સ્વાગત પ્રવચન કરી સૌને આવકાર્યા હતા અને વિરપુર પ્રિન્સિપાલ સિવિલ જજ ડી એમ પરમારે આભારવિધિ કરી હતી.

આ પ્રસંગે વિરપુર બાર એસોસિયેશન પ્રમુખ એલ.એન.સોલંકી, પ્રિન્સિપાલ જજ ઓફ ફેમિલી કોર્ટના જજ ટી.એચ. દવે, જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ સેક્રેટરી એમ.જે. બિહોલા, લુણાવાડા પ્રિન્સિપાલ સિનિયર સિવિલ જજ પી.સી.સોની, લુણાવાડા ચીફ જયુડિશિયલ મેજીસ્ટ્રેટ એમ.એમ.પરમાર, બાલાસિનોર પ્રિન્સિપાલ સિનિયર સિવિલ જજ કે.એન.અંજારિયા સહિત વકીલો ઉપસ્થિત રહ્યા હતા.

# સંતરામપુર તાલુકાના આંજણવા પ્રાથમિક શાળા ખાતે સેવા સેતુ કાર્યક્રમ યોજાયો



મહીસાગર,
રાજ્ય સરકારની વિવિધ પ્રજાલક્ષી યોજનાઓનો લાભ લોકોને સતત મળતો રહે તે માટે સેવા સેતુ કાર્યક્રમનું આયોજન છેલ્લા નવ વર્ષથી કરવામાં આવી રહ્યું છે. વર્ષ ૨૦૨૪માં સેવા સેતુના દસમાં તબક્કા અંતર્ગત મહીસાગર જીલ્લામાં ૧૭ સપ્ટેમ્બરથી સેવા સેતુ કાર્યક્રમની શરૂઆત થઈ હતી. જે અંતર્ગત આજ રોજ સંતરામપુર તાલુકાના આંજણવા પ્રાથમિક શાળા ખાતે સેવા સેતુ કાર્યક્રમ યોજાયો.

આ કાર્યક્રમમાં સ્થળ પર રાશનકાર્ડને લગતી અરજી, હેલ્થ વેલનેસ કાર્ડ, આધારકાર્ડને લગતી અરજીઓ, ૭/૧૨ અને ૮-અ ના પ્રમાણપત્રો, વરિષ્ઠ નાગરિકતા પ્રમાણપત્ર, કૃષિ, આદિજાતિ વિભાગની યોજનાઓ હેઠળના વ્યકિતલક્ષી લાભો માટેની અરજીઓ, વિધવા સહાય અને નિરાધાર વૃદ્ધ સહાય યોજના હેઠળ મળવાપાત્ર લાભોની અરજીઓની કામગીરી પણ કરવામાં આવી હતી.

ગુજરાત સરકાર દ્વારા રાજ્યના પ્રજાજનોને વ્યકિતગત સેવાઓ તેમના રહેઠાણના નજીકના સ્થળે અને તે જ દિવસે પ્રાપ્ત થઈ શકે તેવા ઉમદા હેતુથી સેવા સેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. જીલ્લા કલેક્ટર નેહા કુમારી દ્વારા રાજ્ય સરકારની વિવિધ યોજનાઓના લાભો લોકોને સ્થળ ઉપર જ મળી રહે તે માટે સઘન આયોજન કરવા વિવિધ તાલુકાના પ્રાંત અધિકારીઓની નોડલ અધિકારી તરીકે નિમણૂક કરવામાં આવી છે, સાથે જીલ્લાના નાગરિકોને સેવા સેતુ કાર્યક્રમનો લાભ લેવા વહીવટી તંત્ર તરફથી અપીલ કરાઈ છે.

# સંતરામપુર ખાતે તાલુકા ફેડરેશન મીટીંગ યોજાઈ



સંતરામપુર,
સંતરામપુર મુકામે સંતરામપુર તાલુકાની ફેડરેશન મીટીંગ નું આયોજન કરવામાં આવ્યું. જેમાં સંતરામપુર તથા કડાણા તાલુકાના વિવિધ ગ્રામ વિકાસ મંડળના પ્રમુખ મંત્રી, વૃક્ષ ઉછેર મંડળીના પ્રમુખઓ, મહિલા ફેડરેશન ગાયત્રી મહિલા વિવિધ કાર્યકારી સહકારી મંડળી લિમિટેડ પ્રમુખ તથા સદસ્ય, નિવૃત કર્મચારી, પંચાયત આગેવાન જોડાયા હતા. જેનો મુખ્ય હેતુ કડાણા સંતરામપુર વિસ્તારમાં સામૂહિક પ્રશ્નો તથા આજીવિકા માટે કરવામાં આવતા પ્રયાસો વિશે વિગતે ચર્ચામાં કરવામાં આવી. આ વિસ્તારના લોકો ના વિચારો અને વિમર્શ માટે કરવામાં આવતા ગ્રામ સંવાદ કાર્યક્રમ આયોજન વિશે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી. લોકો દ્વારા કરવામાં આવતા જંગલ રક્ષણ જંગલ સંરક્ષણ અને સંવર્ધન વિશે ચર્ચા કરવામાં આવી. આ વિસ્તારના ખેડૂત તો માટે પિયત વ્યવસ્થા ઉભી થાય તે માટે મિનિ લિફ્ટ ઈરીગેશન નું આયોજન બનાવી સરકારને સુપ્રત કરવામાં આવશે. ગ્રામ સંવાદ કાર્યક્રમ દ્વારા સરકાર અને સમુદાયના લોકો દ્વારા કરવામાં આવેલા પ્રયાસોનો એક લર્નિંગ પ્લેટફોર્મ રૂપે કામ કરે છે. આ કાર્યક્રમ સમુદાય દ્વારા આયોજન કરવામાં આવી. ફાઉન્ડેશન ફોર ઈકોલોજીકલ સિક્યુરિટી અને HDFC PARIVARTAN FDP પ્રોજેક્ટના સંલગ્ન રહી કાર્યક્રમ કરવામાં આવશે.

# સિધ્ધિ વિનાયક મંદિર, મહેમદાવાદ ખાતે નશાબંધી વ્યસન મુક્તિ કાર્યક્રમ યોજાયો



નડિયાદ,
ખેડા જીલ્લાના મહેમદાવાદ સિધ્ધિ વિનાયક મંદિર ખાતે નશાબંધી અને આબકારી ખાતુ તેમજ નશાબંધી મંડળ, ગુજરાત સંચાલિત નવપ્રભાત વ્યસન મુકિત કેન્દ્ર,મહુધાના સંયુકત ઉપક્રમે વ્યસન મુકિત કાઉન્સેલિંગ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં, નશાબંધી યુક્ત પદાર્થો અને કેફી દ્રવ્યો નો દુરઉપયોગ, નશાના લીધે થતી સામાજીક, આર્થિક અને કૌટુંબિક સમસ્યાઓની સમજણ આપી આ પદાર્થોની માંગમાં ઘટાડવા માટે જાગૃતિ કરવામાં આવી હતી.

વધુમાં ઉપસ્થિત લોકોના કોઈ પણ સગા સંબધીઓ, સ્વજનો કે અન્ય કોઈ મિત્રોને વ્યસનની લત લાગેલ હોય તો તેને છોડાવવા માટે નશાબંધી મંડળ ગુજરાત સંચાલીત નવપ્રભાત વ્યસન મુકિત કેન્દ્ર,મહુધાનો સંપર્ક કરવા જણાવવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલ સૌએ વ્યસન મુકિતની પ્રતિજ્ઞા લીધી હતી.આ અવસરે નશાબંધી અને આબકારી, નડીયાદ અધિક્ષક એસ.કે.દવે, વ્યસન મુકિત કાઉન્સેલિંગના જાગૃતિબેન જાદવ, મંદિરના ટ્રસ્ટી નરેન્દ્રભાઈ પુરોહિત, પ્રોજેકટ ડાયરેકટશ્રી સંજયભાઇ રોહિત, ઈન્સ્પેકટર એમ.ડી.મસ્કે હાજર રહ્યા હતા.

# જવાહર નવોદય વિદ્યાલય, કઠલાલ દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માટે ધોરણ-૯ /૧૧ પ્રવેશ માટે ઓનલાઈન આવેદન પત્ર મંગાવવામાં આવે છે

નડિયાદ,
હાલ ધોરણ ૮/૧૦ (૨૦૨૪-૨૫) અભ્યાસ કરતા ખેડા જીલ્લાની સરકારી માન્યતા પ્રાપ્ત શાળામાં વિદ્યાર્થી ભણતો હોવો જોઈએ. ધોરણ-૯ માટે વિદ્યાર્થિની જન્મ તારીખ ૦૧-૦૫-૨૦૦૯ થી ૩૧-૦૭-૨૦૧૧ અને ધોરણ ૧૧ માટે જન્મ તારીખ ૦૧-૦૬-૨૦૦૮ થી ૩૧-૦૭-૨૦૧૦ની વચ્ચે હોવી જોઈએ. જવાહર નવોદય વિદ્યાલયમાં ધોરણ ૯/૧૧ માં પ્રવેશ લેતા સમયે ઉમેદવારે ધોરણ ૮/૧૦ ની પરીક્ષા પાસ કરેલી હોવી જોઈએ.

પ્રવેશ પત્ર ભરવાની અંતિમ તારીખ ૩૦-૧૦-૨૦૨૪ છે. ઓનલાઈન અરજી www.navodaya.gov.in પરથી ભરી શકાય છે. પ્રવેશ પરીક્ષા તારીખ ૦૮-૦૨-૨૦૨૫ વધુ માહિતી માટે ૦૨૬૯૧-૨૪૩૪૭૭નંબર પર સંપર્ક કરવા આચાર્ય, જવાહર નવોદય વિદ્યાલય, કઠલાલની અખબારી યાદીમાં જણાવેલ છે.

# સંતરામપુર તાલુકાકક્ષાનું બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન લીમડી મુખ્ય પ્રા.શાળા ખાતે યોજાયું



સંતરામપુર,
જીલ્લા શિક્ષણ સમિતિ મહીસાગર તથા જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન સંતરામપુર અને બી.આર.સી. ભવન સંતરામપુર આયોજીત તાલુકા કક્ષાનું બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન લીમડી મુખ્ય પ્રા શાળા ખાતે યોજવામાં આવ્યું. જેમાં તાલુકાની ૧૩૦ શાળા તેમજ ૨૬૦ બાળ વૈજ્ઞાનિકોએ ઉત્સાહ ભેર ભાગ લીધો. પ્રદર્શનમાં લીમડી જી. પં. સદસ્ય, તા. પં. સદસ્ય, ગામના નિવૃત્ત બી.કે.ની, આચાર્યો, શિક્ષકો, વડીલો, પ્રા શિક્ષક ઘટક સંઘ, પ્રા શૈક્ષિક સંઘ ન હોદ્દેદારઓ, ડાયટ પ્રાચાર્ય હાજર રહી બાળકોને પ્રોત્સાહન પૂરૂં પાડેલ હતું.

કાર્યક્રમને સફળ બનાવવા માટે ડોળી પ કેન્દ્ર, ઉંબેર પ કેન્દ્ર, મોટીરેલ પ કેન્દ્ર ની શાળાઓ તરફથી મોટી રકમ માં યોગદાન મળેલ હતું.ટીચર્સ સોસાયટી સંતરામપુર તેમજ પ્રા શિ ઘટક સંઘ તરફથી બાળકોને શૈક્ષણિક કીટ આપવામાં આવી. આંબા પ્રા શાળા ના રાજ્ય પારિતોષિક વિજેતા ચંદ્રિકાબેન ખાંટ અને ડોળી પગાર કેન્દ્ર ન તમામ આચાર્ય તેમજ શિક્ષકો તરફથી પણ મોટો સહયોગ મળેલ હતો.

પ્રદર્શન નિહાળવા ડોળી કલસ્ટરની વિવિધ શાળામાંથી મોટી સંખ્યામાં બાળકો તેમજ શિક્ષકો હાજર રહ્યા. હાજર રહેલ તમામ મહાનુભાવોનુ શાબ્દિક સ્વાગત સંતરામપુર ટી પી ઈ ઓ દ્વારા કરવામાં આવ્યું. તેમજ કાર્યક્રમ ની આભારવિધિ સંતરામપુર બી.આર.સી.કો.ઓ. ઘનશ્યામભાઈ યાદવ દ્વારા કરવામાં આવી હતી. યજમાન શાળા ન આચાર્ય-શિક્ષકો તથા બાળકો માં ખુબ ઉત્સાહ જોવા મળેલ હતો. સમગ્ર કાર્યક્રમનું સુંદર અને સફળ સંચાલન સી.આર.સી.કો.ઓ. કલ્પેશભાઈ પુંવાર દ્વારા કરવામાં આવ્યું હતું.

# મહીસાગર જીલ્લાના દરેક તાલુકાઓમાં પ્રાકૃતિક ખેતર શાળાનું આયોજન કરવામાં આવ્યું




મહીસાગર,
આજના સમયની માંગ એટલે પ્રાકૃતિક કૃષિ. ખેડૂતો સાવ ઓછી કિંમતે એક ગાયથી ૩૦ એકર જેટલી જમીનમાં ખેતી કરી શકે. આ ઉદ્દેશને દયાને લઈને રાજયના ખેડૂતોને આર્થિક રીતે પગભર કરવા તેમજ ખેડૂતોના સ્વાસ્થ્ય સચવાઈ અને સાથે સાથે સમગ્ર જીવ માત્ર અને માં ધરતીનો પણ સ્વાસ્થ્ય જળવાઈ તે હેતુથી રાજ્યપાલ આચાર્ય દેવવ્રત દ્વારા ગુજરાતમાં પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધારવા મુહિમ ચાલી રહી છે.

જે અંતર્ગત મહીસાગર જીલ્લામાં લુણાવાડા તાલુકાના નપાણીયા ગામે, કડાણા તાલુકાના દધાલીયા ગામે, ખાનપુર તાલુકાના નરોડા ગામે, વીરપુર તાલુકાના ભાટપુર ગામે, બાલાસિનોર તાલુકાના ગજા પગીના મુવાડા અને સંતરામપુર તાલુકાના ધામોધના મોહિલા ગામે પ્રાકૃતિક ખેતર શાળાનું આયોજન આત્મા પ્રોજેક્ટ દ્વારા કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં મકાઈની પ્રાકૃતિક ખેતી પદ્ધતિને વિશે ખેડૂતોને માહિતી આપવામાં આવી હતી અને વધુને વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતીની આ યોજનામાં જોડાઈ તે માટે પ્રોજેક્ટ ડાયરેક્ટર આત્માના બ્લોક ટેકનોલોજી મેનેજર, આસિસ્ટન્ટ ટેકનોલોજી મેનેજર અને ફાર્મર માસ્ટર ટ્રેનર દ્વારા જણાવવામાં આવ્યું હતું.

# શિક્ષણ મંત્રીના હસ્તે અંદાજીત ૪૦૧.૯૬ લાખના ખર્ચે નિર્માણ પામેલ કડાણા વિશ્રામગૃહનું લોકાર્પણ કરાયું



મહીસાગર,
નર્મદા જળસંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ હેઠળના કડાણા વિભાગ ન.૧ દિવડા કોલોની હસ્તકના કડાણા વિશ્રામગૃહ લોકાર્પણ કેબિનેટ કક્ષાના આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રોઢ શિક્ષણ મંત્રી ડો. કુબેરભાઈ ડિંડોરના અધ્યક્ષ સ્થાને કડાણા ખાતે કાર્યક્રમ યોજાયો.

આ પ્રસંગે કેબિનેટ કક્ષાના આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રોઢ શિક્ષણ મંત્રી ડો. કુબેરભાઈ ડિંડોરે નવરાત્રી પર્વની સુભકામના આપતા જણાવ્યું હતું કે, અત્યાધુનિક વિશ્રામગૃહ થકી ઉત્તમ સુવિધાઓ લોકોને મળી રહેશે. કડાણા ડેમ રાજ્યનો ત્રીજો સૌથી મોટો ડેમ છે અને આ વિસ્તાર પ્રાકૃતિક સૌંદર્યથી ભરપૂર છે. ત્યારે આ વિસ્તારની મુલાકાતે આવતા મહાનુભાવો અધિકારીઓ અને સહેલાણીઓ માટે રૂ. ૪૦૧.૯૬ લાખના ખર્ચે તૈયાર થયેલ આ વિશ્રામગૃહ સુવિધાજનક અને ઉપયોગી બનશે અને આવનાર સમયમાં જીલ્લામાં પ્રવાસનમાં વધારો થાય તે માટે પ્રયત્નો કરવામાં આવશે.

આ પ્રસંગે જીલ્લા પંચાયત પ્રમુખ બાબુભાઈ પટેલે જણાવ્યું હતું કે, આ નવીન વિશ્રામગૃહ થકી કડાણા ખાતે આવતા અધિકારીઓ, કર્મચારીઓ અને સહેલાણીઓને રહેવા માટે ઉત્તમ સુવિધા મળશે. વધુમાં તેમણે જીલ્લામાં ચાલી રહેલ સેવા સેતુ કાર્યક્રમમાં વધુને વધુ લોકો લાભ લેવા જણાવ્યું હતું.

મંત્રી ડો. કુબેરભાઈ ડીંડોરે વિશ્રામગૃહની રિબિન કાપી નિરીક્ષણ કર્યું હતું અને મહાનુભાઓએ એક પેડ માં કે નામ અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ કર્યું હતું.

કડાણા ખાતે અંદાજીત ૪૦૧.૯૬ લાખના ખર્ચે નિર્માણ પામેલ વિશ્રામગૃહમા ડાઈનિંગ હોલ, વીઆઈ પી ડાઈનિંગ હોલ, ૦૪ વીવીઆઈપી રૂમ, કિચન, વેઈટિંગ લોન્જ, ટોયલેટ બ્લોક પેસેજ, ફર્નિચર, કોન્ફરન્સ હોલ જેવી સુવિધાઓથી ઉત્તમ સગવડ મળશે.

આ પ્રસંગે જીલ્લા કલેકટર નેહા કુમારી, પાનમ યોજના વર્તુળ, ગોધરા અધિક્ષક ઈજનેર એસ ટી ગામીત, કડાણા વિભાગ ન.૧ કાર્યપાલક ઈજનેર આર.જી.બામણ, કડાણા તાલુકા પંચાયત પ્રમુખ મંગુબેન, સંતરામપુર તાલુકા પંચાયત પ્રમુખ હરેશભાઈ, સંતરામપુર પ્રાંત અધિકારી સી.વી.પટેલ, એપીએમસી ચેરમેન, મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી,અગ્રણીઓ સહિત બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# કાલોલના સુરેલી ગામે દુધ મંડળીના ચેરમેન સત્તા છોડવા તૈયાર નથી પંચમહાલ ડેરી ગામે મીલીભગતમાં સત્તા ટકાવી રાખતા સભાસદોમાં વિરોધ

કાલોલ,
કાલોલ તાલુકાના સુરેલી ગામ-૨૦૧૭ની મંડળીના ચેરેમન બનેલા મહિલાની ત્રણ વખત મુદ્દત પુરી થવા છતાં પદ છોડવા તૈયાર નથી કે ચુંટણી પ્રક્રિયાનું જાહેરનામું બહાર પાડવા તૈયાર નથી અને ચોથી વખત પણ પોતે જ ચેરમેન પદે બિનહરીફ જીતેલા હોવાનો કસબ કરી દેતા મંડળીના સભાસદોએ ભારે હોબાળો મંડળીએ કરતા મહિલા ચેરમેન ડેરી છોડી ભાગી છુટયા હતા.

કાલોલ તાલુકાના સુરેલી ગામે આવેલ પંચમહાલ ડેરીની દુધ ઉત્પાદક સહકારી મંડળીમાં વર્ષ ૨૦૧૭માં થયેલી ચુંટણીમાં ત્રણ વર્ષની મુદ્દત માટે ચેતનાબેન શિશુપાલ ઠાકોર ચેરમેન બન્યા હતા. પછી ૨૦૨૦માં તેમની મુદ્દત પરી થતા તેઓ દ્વારા કોઈ સામાન્ય સભા બોલાવવામાં ન આવી કે ચેરમેન પદની વરણી માટે જે સહકારી કાયદા મુજબની પ્રક્રિયા કરવાની થતી હોય છે. તે ન કરતા પોતે જ વધુ બે વર્ષ માટે બની ગયા હતા. ૨૦૨૨માં વધુ એક વખત આ ડેરીમાં ચેરમેનની મુદ્દત પુરી થતા મહિલા ચેરમેન ચેતનાબેન ઠાકોર સામે સભાસદોએ વિરોધ કરતાં ડેરીમાં સભા બોલાવામાં આવી ન હતી. જેમાં ચેરમેન માટે પ્રશાંતકુમાર ગુલાબસિંહ પરમાર બે વર્ષ માટે ચેરમેન બનાવવાનો ઠરાવ કરવામાં આવ્યો હતો. આ સભામાં જે તે સમયે ચાલુ ચેરમેન ચેતનાબેનની હાજરી અને વિરોધ વચ્ચે ઠરાવ તમામ સભાસદોના સમર્થન સાથે સર્વ સંમતિથી મંજુર કરવામાં આવ્યો હતો. દુધ ઉત્પાદક સહકારી મંડળીના નવા ચેરમેન તરીકે પ્રશાંત પરમાર સર્વ સંમતિથી ચુંટાયા હોવા છતાં ડેરીના પંચમહાલ ડીસ્ટ્રીકટ બેંક ખાતાઓમાં જે સહીઓના નમુના બદલવા માટે જરૂરી પંચમહાલ ડેરીમાં ભલામણ પત્ર ન મળતા ડેરીનો સમગ્ર વહીવટ ચેતનાબેન હસ્તક રહ્યો હતો. પંચમહાલ ડેરીમાં ચેતનાબેન વગ હોવાથી પ્રશાંત પરમાર બે વર્ષ માટે ચેરમેન બનાવા છતાં તેને વહીવટથી દુર રાખવાના પ્રયાસો જીલ્લા ડેરીની સાંઠગાંઠને કારણે કરવામાં આવ્યા અને તે સફળ પણ થયા હતા. પ્રશાંત પરમારની સર્વ સંમતિથી ચેરમેન પદ માટે વરણી કરવામાં આવી. બે મુદ્દત પણ હાલ પૂર્ણ થતા ફરીથી સામાન્ય સભા ભરી નવા ચેરમેન અને હોદ્દેદારોની નિમણૂંક માટે ઠરાવ કરી જાહેરનામું બહાર પાડીને ચુંટણી પ્રક્રિયા યોજવાની કોઈ જ પ્રક્રિયા કર્યા વગર ચેતનાબેન ઠાકોરે ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ તમામ સભાસદોને અંધારામાં રાખી બંધ બારણે સભા બોલાવી તેમના મળતીયા પંદર જેટલા સભ્યોને બોલાવી ઠરાવ કરી પૂનઃ પોતાને બિનહરીફ ચેરમેન તરીકે જાહેર કરી દેતા ભારે હોબાળો સભાસદોએ મંડળી બહાર મચાવતા ચેતનાબેન મંડળી છોડી ભાગી છુટયા હતા. ગામના સભાસદોએ એક પત્ર સહકારી મંડળીઓના જીલ્લા રજીસ્ટ્રારને લખી સમગ્ર હકીકત જણાવી છે. લેખિત રજુઆત ૨૦૨૨માં સભાસદોની બહુમતીથી ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો. જેમાં પ્રશાંત પરમારને ચેરમેન પદ માટે યોગ્ય ઠેરવવામાં આવ્યા હતા તે ઠરાવને માન્ય ગણવામાં આવે અને ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૪ ઠરાવ માન્ય ન ગણી તેને રદ કરવામાં આવે અને ચેરમેન પદ માટે પ્રશાંત પરમાર નિમણૂંક કરી પંચમહાલ ડેરી માંથી વહીવટ ભાટે ભલામણ પત્ર મળે તેવી માંગ કરી છે

## આપની આજ.......

મેષ આજનો દિવસ સંતોષપૂર્ણ અને શાંતિપૂર્ણ બની રહી શકે છે. રાજકીય ક્ષેત્રે કરવામાં આવેલા પ્રયત્નોથી સફળતા મળશે. સરકાર અને સત્તા વચ્ચેના જોડાણનો લાભ તમને મળી શકે છે.

વૃષભ આજે તમારા વિરોધીઓ પણ તમારી પ્રશંસા કરશે. શાસક પક્ષ સાથે નિકટતા અને જોડાણનો લાભ પણ તમને મળશે. સાસરિયા તરફથી પૂરતી રકમ મળી શકે છે.

મિથુનઃ તમારે કડવાશને મીઠાશમાં રૂપાંતરિત કરવાની કળા શીખવી પડશે. તમને તમારા જીવનસાથી તરફથી સહયોગ મળશે. સંતાન તરફથી નિરાશાજનક સમાચાર મળી શકે છે.

કર્ક : આજનો દિવસ પુત્ર, પુત્રીની ચિંતા અને તેમના કાર્યોમાં વિતાવશો. વિવાહિત જીવનમાં ઘણા દિવસોથી ચાલી રહેલી સમસ્યા સમાપ્ત થઈ જશે. આજે સંબંધીઓ સાથએ વ્યવહાર ના કરો, સંબંધો ખરાબ થવાની સંભાવના છે.

સિંહ આજે તમને પારિવારિક અને આર્થિક મામલામાં સફળતા મળશે. આજીવિકાના ક્ષેત્રે ચાલી રહેલા નવા પ્રયત્નો ફળદાયી બનશે. કર્મચારીઓનો આદર અને સહયોગ પણ પૂરતો રહેશે. સાંજના સમયે કોઈ ઝઘડામાં ના પડો.

કન્યા આજે તમારો દિવસ મિશ્રિત રહેશે, પરંતુ સ્વાસ્થ્ય નરમ રહેશે. કોઈ પ્રતિકૂળ સમાચાર સાંભળીને તમારે અચાનક પ્રવાસ પર જવું પડી શકે છે. તમારી વાતોને લીધે કોઈની સાથે મતભેદો અને વિવાદ થઈ શકે છે.

તુલાઆજે કોઈ કિંમતી વસ્તુની ચોરીનો ભય રહેશે. બાળકોના શિક્ષણમાં અથવા કોઈપણ સ્પર્ધામાં સફળતાના સમાચારોને લીધે મનમાં આનંદ થશે. કોઈપણ અટકેલા કામ સાંજે પૂર્ણ થશે.

વૃશ્ચિક આજે વૃશ્ચિક રાશિના લોકોએ તેમના સ્વાસ્થ્યનું વધુ ધ્યાન રાખવું પડશે. વાયુ વિકારની ફરિયાદો હોઈ શકે છે. બ્લડ પ્રેશરના દર્દીઓના રોગમાં વધારો થઈ શકે છે. નોકરી-વ્યવસાયની દ્રષ્ટિએ દિવસ મિશ્રિત રહેશે.

ધન આજે તમારી આસપાસ કોઈ સુખદ વાતાવરણ રહેશે. પરિવારના બધા સભ્યોની ખુશીમાં વધારો થશે. કેટલાક મોટા વ્યવહારોની સમસ્યા જે ઘણા દિવસોથી ચાલી રહી છે તે ઉકેલાઈ શકે છે.

મકર આજે આજીવિકાના ક્ષેત્રે પ્રગતિ થશે. રાજ્યની પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થશે. સંતાનની જવાબદારી નિભાવી શકાય છે. મુસાફરીની સ્થિતિ સુખદ અને લાભકારી રહેશે. સાંજથી રાત સુધી તમને પ્રિયજનોના દર્શન તેમજ શુભ સમાચાર મળશે.

કુંભ આજે તમને ભાગ્યનો સહયોગ મળશે. રોજગાર-વ્યવસાયના ક્ષેત્રમાં ચાલી રહેલા પ્રયત્નોમાં કલ્પનાત્મક સફળતા પ્રાપ્ત થશે. સંતાન તરફથી પણ સંતોષકારક સુખદ સમાચાર મળશે.

મીન આજની સ્થિતિમાં મન વિચલિત રહી શકે છે. આવકના નવા સ્ત્રોત સર્જાશે પરંતુ માનસિક મૂંઝવણને કારણે તમે લાભથી વંચિત રહી શકો છો. નમ્રતા- વાણીથી આદર મળશે. તમને શિક્ષણ અને સ્પર્ધામાં વિશેષ સફળતા મળશે.

# ફતેપુરા તળાવ તેમજ નહેરનું પુરાણ કરી સેગ્રીકેશન શેડ તોડી જમીન પચાવી પાડવાનું કારસ્તાન તંત્રનું સુચક મૌન

ફતેપુરા,

ગુજરાત સરકાર દ્વારા સરકારી જમીન ઉપર કબજો કરનાર ઉપર લાલ આંખ કરી છે. હાલ દરેક જીલ્લામાં સરકારી જમીન ઉપર દાદાનું જીસીબી ચાલી રહ્યું છે, ત્યારે ફતેપુરા કેટલીય સરકારી જમીન ઉપર ભૂ માફીયાઓ દ્વારા દબાણ કરી મકાનો બનાવી દેવામાં આવ્યા છે કાં તો પુરાણ કરી દેવામાં આવ્યા છે. ત્યારે ફતેપુરા ગ્રામ પંચાયતમાં આવેલ સરકારી તળાવની જમીન ઉપર ભૂ માફીયાઓના ડોળાઓ ફરી રહ્યા છે. સરકારની કરોડોની જમીન પચાવી પાડવાનું કાવતરું ચાલી રહ્યું છે તેને લઈને વારંવાર સ્થાનિક તંત્રને રજૂઆત કરવા છતાં પણ સત્તાધિશો અધિકારીઓનું પેટનું પાણી પણ હલતું નથી સ્થાનિક આગેવાનો દ્વારા



કલેક્ટરમાં રાવ કરવામાં આવી હતી એને ધ્યાનમાં રાખીને જીલ્લા કલેક્ટર ફતેપુરાની તળાવની સરકારી જમીન ઉપર સ્થળ તપાસ માટે આવી પહોંચ્યા હતા અને ત્યાં સ્થળ ઉપર ગામના જાગૃત નાગરિકો તેમજ ગ્રામ પંચાયતના સત્તાધીશો ની વાત સાંભળી હતી. આ તળાવનું તાત્કાલિક ધોરણે માપણી કરી સરકારની જમીન ખુલ્લું કરવા માટેની બાહેદારી આપી હતી પરંતુ બાહેધારી આપ્યાને કેટલાય સમય વીતી ગયો હોવા છતાં પણ માપણી ન આવતા અનેક તર્ક વિતર્ક સર્જાયા હતા.

ફતેપુરા ગ્રામ પંચાયતના ગામ તળમાં આવેલ કબ્રસ્તાનની સામેની બાજુ તળાવના ટાંકાની પાસે વર્ષો જૂનું ગામનું તળાવ આવેલું છે. આ તળાવ અંદાજે પાંચેકર જમીનમાં પથરાયેલું હતું પરંતુ વખત તો વખત આ તળાવમાં ભુ માફીયાવો દ્વારા દબાણ કરતા કરતા અંદાજે એક થી બે એકર જેટલી જ તળાવની જમીન બચી છે તેને ધ્યાનમાં રાખીને ફતેપુરા ના જાગૃત નાગરિકો દ્વારા વારંવાર તળાવનુ દબાણ દૂર કરવા માટે સ્થાનિક કક્ષાએથી લઈ જીલ્લા સુધી રજૂઆત કરવામાં આવી હતી. સ્થાનિક કક્ષાએથી તળાવની માપણી કરતા તળાવ ઉપર નીચે આગુ પાછું મારી મચોડીને તળાવને સ્થળ ઉપર બતાવી દેવામાં આવતું હતું. તળાવ ક્યારેક પોતાની જગ્યા બદલી દે છે, તો ક્યારેક પોતાની સ્થિતિમાં હોય એના કરતાં ઓછું બતાવવામાં આવે છે. તળાવની અંદર પુરણ કરીને તળાવની સરકારી નહેરનું પણ પુરાણ કરીને તેમજ સેગ્રીકેશન સેડ તોડી ભુ માફિયાઓ દ્વારા સરકારી જમીન ઉપર કબજો મેળવવા માટેનું કારતૂરું રચ્યું હતું તેની જાણ ફતેપુરા ગ્રામ પંચાયતને થતા ગ્રામ પંચાયતના વહીવટદાર તેમજ તલાટી કમ મંત્રી દ્વારા ફતેપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ કરી હતી સ્થાનિક આગેવાનોએ દાહોદ જીલ્લા કલેકટરને રજૂઆત કરી હતી. રજૂઆતને ધ્યાનમાં રાખીને જીલ્લા કલેકટર ફતેપુરા તાલુકાના જવાબદાર અધિકારીઓ ને સ્થળ પર પહોંચી તપાસ કરવા માટે આદેશ કર્યો હતો. આ આદેશને ધ્યાનમાં રાખીને ફતેપુરા તાલુકા વિકાસ અધિકારી તેમજ મામલતદાર સ્થળ ઉપર પંચકેશ કરવા માટે પોતાની ટીમ સાથે આવ્યા હતા પંચકેશથી સ્થાનિક આગેવાનોને સંતોષ ના થતા ફરીવાર જીલ્લા કલેકટરને રજૂઆત કરી હતી. આ રજૂઆતને ધ્યાનમાં રાખીને દાહોદ જીલ્લા કલેકટર તેમજ સ્થાનિક વહીવટી તંત્ર સાથે ફતેપુરા ખાતે આવેલ તળાવની જમીન ઉપર સ્થળ નિરીક્ષણ માટે આવી પહોંચ્યા હતા. સ્થળ ઉપર તપાસ કરીને જીલ્લા કલેકટરે તાત્કાલિક ધોરણે માપણી કરાવી તળાવની સરકારની જમીન ખુલ્લી કરવા માટે આદેશ કર્યો હતો અને સાથે તળાવને ખુલ્લું કરીને બ્યુટીફિકેશન કરવા માટેની તૈયારી કરવા માટે સ્થાનિક વહીવટી તંત્રને જણાવ્યું હતું. તળાવની સરકારી જમીન ઉપર જે કોઈપણ વ્યક્તિએ ગેરકાયદેસર રીતે દબાણ કર્યું હોય તો દબાણને તાત્કાલિક દૂર કરી દબાણ કરતાં ઉપર કાયદેસરની કાર્યવાહી હાથ ધરવા માટે હુકમ કરતા ખળભળાટ મચી જવા પામ્યો હતો, પરંતુ આ બા હેધારી આપ્યાને કેટલાય સમય વીતી ગયો છે તેમ છતાં પણ આજ સુધી તળાવની કોઈ માપણી કરવામાં આવી નથી કે નથી તો તળાવની જમીન ખુલ્લી કરવામાં આવી છે ત્યારે બહુ માફિયાઓ દ્વારા આજે ફરી જમીન સમતલ કરવાના બહાને સાફ-સફાઈ કરતા સ્થાનિક લોકોએ કામ અટકાવ્યું હતું. કામ અટકાવીને ફતેપુરા મામલતદાર તેમજ તાલુકા વિકાસ અધિકારીને રજૂઆત કરવા પહોંચી ગયા હતા. ત્યારે આ વિવાદનો અંત ક્યારે આવશે ? તળાવની આ સરકારી જમીન તેમજ નહેરનું કરલા દબાણ કરતાં ઉપર કાર્યવાહી ક્યારે થશે ?

જાણવા મળેલી માહિતી મુજબ ફતેપુરા નગરના કેટલાય દબાણો છે કે જે સરકારી જમીન ઉપર ગેરકાયદેસર રીતે કોઈપણ જાતની પરવાનગી લીધા વગર કાચું પાકું બાંધકામ કરીને પોતાનો હકદાવો કરી લીધો છે, તો આ આવા સરકારી જમીન ઉપર કાચું પાકું બાંધકામ કરનાર ઉપર ક્યારે કાયદેસરની કાર્યવાહી થશે તે પણ જોવાનું રહ્યું સરકારી જમીન ખુલ્લી કરવા માટે તંત્ર કેમ કોઈ રસ લેતું નથી ? આજુબાજુના જમીન માલિકો સાથે વારંવાર વિવાદ થાય છે, તો આ વિવાદનો અંત ક્યારે આવશે ? તેવા અનેક સવાલો ગ્રામજનોએ સતાવી રહ્યા છે.

# જનતાને માર્ગ સંબંધિત અગવડતા ભોગવવી ન પડે તે માટે ગુજરાત સરકાર સતત કાર્યશીલ છે : ધારાસભ્ય મહેશ ભૂરીયા

ઝાલોદ,

આજરોજ ઝાલોદ વિધાનસભામાં સમાવિષ્ટ લીમડી અને પાવડી જિલ્લા પંચાયત સીટમાં કુલ રૂ.૧૩૮૧.૫૦ લાખના માતબર ખર્ચે ૪૧.૦૫ કિ.મી લંબાઈના નીચે મુજબના ૧૪ રસ્તાઓનું ખાતમુહૂર્ત કર્યું.

જેમાં કારઠ ગામે રૂ.૬૦ લાખના ખર્ચે ૨.૦૦ કિ.મી લંબાઈના કારઠ કંબોઈ ફળીયા રોડ ,રૂ.૩૫૧ લાખના ખર્ચે ૬.૫૦ કિ.મી લંબાઈના કારઠ પરથમપુર પાવડી રોડ,લીમડી ગામે રૂ.૨૭.૯૦ લાખના ખર્ચે ૦.૯૩ કિ.મી લંબાઈના લીમડી ટાંડી બાંડી કોતર ફળીયા રોડ, લીલવા ગામે રૂ.૧૫૦ લાખના ખર્ચે ૫.૦૦ કિ.મી લંબાઈના લીલવા સાબલી મલવાસી



રોડ,રૂપાખેડા ગામે રૂ.૨૭.૩૦ લાખના ખર્ચે ૦.૯૧ કિ.મી લંબાઈના રૂપાખેડા ક્રોસિંગ નવી વસાહત ફળીયા રોડ,,પરથમપુર ગામે રૂ.૭૩.૫૦ લાખના ખર્ચે ૨.૪૫ કિ.મી લંબાઈના પરથમપુર શીરા ફળીયા રોડ,

પાવડી ગામે નિર્માણ થનાર રૂ.૧૯૫ લાખના ખર્ચે ૬.૫૦ કિ.મી લંબાઈના પાવડી ધારાડુંગર રોડ, રૂ.૩૩.૩૦ લાખના ખર્ચે ૧.૧૧ કિ.મી લંબાઈના પાવડી ગોરી ફળીયા રોડ,રૂ.૧૪૧ લાખના ખર્ચે ૪.૭૦ કિ.મી ના પાવડી ધારાડુંગર રોડ અને રૂ.૫૮.૫૦ લાખના ખર્ચે ૧.૯૫ કિ.મી. લંબાઈના પાવડી લુહાર ફળીયા રોડ,મીરાખેડી ગામે અંદાજીત રૂ.૫૭.૯૦ લાખના ખર્ચે બનનાર ૧.૯૩ કિ.મી લંબાઈના મીરાખેડી કાટસ ફળીયા રોડ,ડગેરિયા ગામે રૂ.૩૫.૧૦ લાખના ખર્ચે ૧.૧૭ કિ.મી લંબાઈના ડગેરીયા ડાંગી ફળીયાથી ગામતળ રોડ,મોટી હાંડી ગામે રૂ.૩૩ લાખના ખર્ચે ૧.૩૦ કિ.મી લંબાઈના મોટી હાંડી એપ્રોચ રોડનું ખાતમુહૂર્ત કર્યું હતું. ધારાસભ્ય મહેશ ભૂરીયા એ કહ્યું કે આ નવીન રસ્તાઓના નિર્માણ થયા પછી વાહન વ્યવહારમાં ચોક્કસપણે સુગમતા વધશે. આ ખાતમુહૂર્ત પ્રસંગે જિલ્લા સદસ્યો, તાલુકા સદસ્યો, સરપંચો, કાર્યકર્તાઓ અને ગ્રામજનો હાજર રહ્યા હતા.

# દાહોદ શહેરી વિસ્તારમાં તાવના દર્દીઓ શોધવાના અને પોરાનાશક કામગીરી જુદા જુદા સ્લમ વિસ્તારમાં ૩૮ટીમો દવારા ૪૮૪૩ ઘરોમાં કરવામાં આવી

દાહોદ,

દાહોદના શહેરી વિસ્તારમાં તાલુકા આરોગ્ય અધિકારી અને મેલેરીયા શાખા તરફથી દિવાળીના તહેવાર અગાઉ વાહકજન્ય રોગ ન વધે તે હેતુસર તારવેલા સ્લમ એરીયા/પ્રોબ્લેમેટીક એરિયામાં આગોતરૂં આયોજન કરી તાવના દર્દીઓ શોધવાનું તેમ જ એન્ટીલાર્વલ કામગીરી કરવાનું આયોજન કરાયેલ જેમાં ૩૮ ટીમો દ્વારા સર્વેન્સ કરી ૪૮૪૩ ઘરોની ચકાસણી કરી કામગીરી કરવામાં આવેલ જેમાં ફક્ત ૫ જ તાવના દર્દીઓ મળેલ એન્ટીલાર્વલ કામગીરી કરી એરિયામાં આરોગ્ય શિક્ષણ પૂરૂં પાડવામાં આવેલ. સદર સર્વેલન્સ કામગીરી આરોગ્ય કર્મચારીઓ અને આશા બહેન દ્વારા કરવામાં આવેલ છે.

# બી.પી.અગ્રવાલ હાઈસ્કૂલ લીમડી ખાતે ગણિત વિજ્ઞાન પ્રદર્શન યોજાયું



દાહોદ,

જી.સી.આર.ટી. ગાંધીનગર તેમજ જિલ્લા શિક્ષણ તાલીમ ભવન, દાહોદના સંયુક્ત ઉપક્રમે લાલ બહાદુર શાસ્ત્રી શાળા વિકાસ સંકુલ-૫ શ્રી બી.પી.અગ્રવાલ હાઈસ્કુલ લીમડી ખાતે ગણિત-વિજ્ઞાન પ્રદર્શન તારીખ ૦૪/૦૯/ ૨૦૨૪ યોજવામાં આવ્યું હતું. જેમાં કુલ ૨૮ શાળા દ્રવારા ૫ વિભાગ માં ૫૪ કૃતિ પ્રદર્શન માં મૂકવામાં આવી હતી. જેમાં વિભાગ ૫ (બ ) માંની કૃતિ વેસ્ટ વૉટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ ની કૃતિ નો સંકુલ માં પ્રથમ નંબર લાવનાર શ્રી ઉત્તર બુનિયાદી વિદ્યાલય, કારઠની બાળાઓ પ્રજાપતિ નિધિબેન અને જાટવા ખુશ્બુબેનનો આવ્યો તે બદલ માર્ગદર્શક શિક્ષક હિમાંશુકુમાર લબાના અને શાળાના આચાર્ય રણજીતસિંહ મુનિયા, શાળા પરિવાર તેમને ઉજ્જ્વળ કારકિર્દી માટે વિદ્યાર્થિનીઓને હાર્દિક શુભકામના પાઠવી હતી.

# દે.બારીયા તાલુકા પંચાયત ઓફિસમાં આઇ.સી.ડી.એસ. શાખામાં મેડા ઉપર જવાના પગથીયામાં વીજ કરંટ લાગે છે તેને ક્યારે દુર કરાશે ખરાં ???

દે.બારીયા,

દે.બારીયા શહેરની તાલુકા પંચાયત ઓફિસમાં આઈ.સી.ડી.એસ. શાખા એટલે બાલવાડી મહિલાઓ અલગ અલગ ઘટકોની મહિલા બાલવાડી કાર્યકરો આવે છે. આ બાલવાડીની શાખામાં મહિલા કર્મચારીઓ તાલુકાની આઈ.સી.ડી.સી.એસ. શાખામાં જવા માટે સભા ખંડના મેડા ઉપર જવા માટે પગથીયા આવેલા છે. આ પગથીયામાં વીજ કરંટ અમુક મહિલા કર્મીઓને લાગતા ચોકી ગયા હતા તો વીજ કરંટને દુર કરવામાં આવે નહિ તો કોઈ દુર્ઘટના સર્જાય શકે છે.

મળતી માહિતી અનુસાર દે.બારીયા તાલુકા પંચાયત ઓફિસમાં આઇ.સી.ડી.એસ. બાલવાડીની મહિલાઓના જણાવ્યા અનુસાર અમારી શાખામાં મેડા ઉપરના પગથીયામાં ભેજવાળા હોવાના કારણે કોઇ જીવંત વાયર પગથીયાના દિવાલમાં ટચ જવાથી આખા પગથીયામાં વીજ કરંટ લાગે છે તો તેનું સમારકાર્ય યુદ્ધના ધોરણે કરવામાં આવે તેવી બાલવાડી તથા અન્ય કર્મચારીઓની માંગ ઉઠવા પામી છે. કોઈપણ કર્મીનું જીવ જોખમમાં મુકાય તે પહેલા નવા વાયર નાખવામાં આવશે ખરાં ? તે આવનારો સમય બતાવશે ?

# ગરબાડા તાલુકાના નિમજ ગામના યુવાનો દ્વારા તાલુકા વિકાસ અધિકારીને આવેદનપત્ર આપી રજૂઆત કરી



દાહોદ,

દાહોદ જીલ્લાના ગરબાડા તાલુકામાં આવેલ નિમચ ગામે સરપંચ દ્વારા ગામમાં કરવામાં આવેલ વિકાસના કામોમાં ભારે ભ્રષ્ટાચાર કરવામાં આવ્યો હોવાનો તેમજ ૧૫માં નાણાં પંચના કામો પણ યોગ્ય રીતે ન કરેલ હોવાના આક્ષેપો સાથે આ મામલે ગ્રામજનો દ્વારા તાલુકા વિકાસ અધિકારીને આવેદનપત્ર આપવામાં આવ્યું હોવાનું જાણવા મળે છે.તાલુકા પંચાયત કચેરી ગરબાડા ખાતે નિમચ ગામના ગ્રામજનો દ્વારા એક આવેદનપત્ર તાલુકા વિકાસ અધિકારીને આપીને રજૂઆત કરી હતી. જેમાં તેમણે જણાવ્યું હતું કે, નિમચ ગામે થયેલ કામોના નાણાંની ઉચાપત તેમજ જે કામો થયા છે તે કામો ગુણવત્તા હિન છે, તો તેની વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે વધુમાં આવેદનપત્રમાં જણાવ્યા અનુસાર ગ્રામ પંચાયતની નિમચ સરપંચ દ્વારા સરકારની યોજના કામો અને ૧૫ માં નાણાપંચના કામો યોગ્ય રીતે કરેલા નથી તથા જાહેર શૌચાલય આર.સી.સી. રોડ વગેરે કામોની જે રીતે રેકર્ડ ઉપર યોજના મંજૂર થયેલ છે. તે પ્રમાણે સ્થળ ઉપર કામગીરી થયેલ નથી. જે તે નિમચ ગ્રામ પંચાયતના કામોની તપાસ અરજદારને હાજરીમાં કરવા અને બીજી ઓક્ટોબર ૨૦૨૪ નારોજની મત ગ્રામ પંચાયતમાં ચાલુ ગ્રામસભામાં સરપંચ દ્વારા જણાવવામાં આવ્યો હતો કે ગ્રામજનોને કોઈ પણ પ્રશ્ન હોય તો ગ્રામ સભામાં મૂકી શકો છો, તેમાં અરજદાર ગ્રામજનો દ્વારા વિવિધ કામોના પાંચ જેટલા મુદ્દાઓ ગ્રામ સભામાં રજૂ કર્યા હતા. જેનો સંતોષકારક જવાબ ન મળતા ગ્રામજનો દ્વારા તાલુકા વિકાસ અધિકારી ને આવેદનપત્ર આપી રજૂઆત કરી હતી.

# ઝાલોદમાં એટીએમ મશીન નાણાં ઉપાડવા ગયેલ વ્યકિતનું કાર્ડ બદલી ખાતા માંથી ૮,૩૦૦/-રૂપીયા ઉપાડી છેતરપિંડી કરી

દાહોદ,

દાહોદ જીલ્લાના ઝાલોદ નગરમાં એક ૪૩ વર્ષિય વ્યકિત એટીએમ મશીનમાં નાણાં ઉપાડવા જતાં જ્યાં એટીએમમાં એક અજાણ્યા યુવક આવતાં નાણાં ઉપાડી આપવાનું કહી એટીએમ કાર્ડ બદલી વ્યક્તિના બેન્ક ખાતા માંથી એટીએમ કાર્ડ મારફતે એટીએમ મશીન માંથી રૂા.૮,૩૦૦ ઉપાડી લઈ વિશ્વાસઘાત, છેતરપીંડી કરતાં પોલીસમાં ફરિયાદ નોંધાંવવા પામી છે.

ગત તા.૦૪ ઓક્ટોમ્બરના રોજ ઝાલોદના રામપુરા ગામે રહેતાં ૪૩ વર્ષિય પારસીંગભાઈ જાલુભાઈ ડામોર ઝાલોદ નગરમાં કોઈ અર્થે આવ્યાં હતા. જ્યાં ઝાલોદ નગરમાં વિશ્વકર્મા મંદિર પાસે આવેલ એસબીઆઈ બેન્કના એટીએમ મશીનમાં નાણાં ઉપાડવા માટે ગયાં હતા. ત્યારે ત્યાં એમટીએમ મશીનમાં અન્ય એક અજાણ્યો યુવક પણ આવ્યો હતો અને પારસીંગભાઈને એટીએમ મશીન માંથી નાણાં ઉપાડી આપવાનું કહી પારસીંગભાઈ પાસેનું તેમનું એટીએમ કાર્ડ લઈ તેની પાસેનું કાર્ડ પારસીંગભાઈને પકડાવી દીધું હતું અને પારસીંગભાઈના એટીએમ કાર્ડ મારફતે અજાણ્યા ઈસમે પારસીંગભાઈના બેન્ક ખાતામાંથી એટીએમ કાર્ડ મારફતે એટીએમ મશીન માંથી રૂા.૮,૩૦૦ ઉપાડી લીધાં હતાં. આ અંગેની જાણ પારસીંગભાઈને થતાં પોતાની સાથે વિશ્વાસઘાત તેમજ છેતરપીંડી થઈ હોવાનું માલુમ પડતાં આ સંબંધે પારસીંગભાઈ જાલુભાઈ ડામોરે ઝાલોદ પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ખાણ ખનીજ વિભાગ દ્વારા દે. બારીઆના નાથુડી ગામ નજીકથી સપાટો

દાહોદ,

દાહોદ જીલ્લાના દેવગઢ બારીઆ તાલુકાના નાથુડી ગામે પાનમ નદી વિસ્તાર તરફથી ખાણ ખનીજ વિભાગે ગેરકાયદેસર રેતી ખનન માફિયાઓ સામે લાલ આંખ કરી સ્થળ પરથી ૦૫ હાઈવા મશીનો તેમજ ૧ ડમ્પર મળી ૧ કરોડ ઉપરાંતનો મુદ્દામાલ કબજે કર્યાનું જ્યારે ખાણ ખનીજ વિભાગની ટીમને જોઈ ખનન માફિયાઓ નાશી જવામાં સફળ રહ્યાં હોવાનું જાણવા મળે છે.

દેવગઢ બારીઆની પાન નદીના તટ પરથી વર્ષોથી રેતી ખનન માફિયાઓ તેમજ સફેદ પથ્થરોની ચોરી કરતાં ખનન માફિયાઓ વર્ષોથી સક્રિય છે. અવાર સ્થાનીક વહીવટી તંત્ર તેમજ ખાણ ખનીજ વિભાગ દ્વારા આવા રેતી ખનન માફિયાઓ સામે



લાલ આંખ કરતું આવ્યું છે, પરંતુ શંકાસ્પદ ઈસમોની રહેમ નજર હેઠળ આજે પણ પાનમ નદીના તટ પરથી તેમજ આસપાસના વિસ્તારોમાંથી મોટા પાયે ગેરકાયદેસર રેત ખનન માફિયાઓ તેમજ સફેદ પથ્થરોની ચોરી કરતાં તત્વો સતત સક્રિય બન્યાં છે. ત્યારે ગતરોજ રાત્રીના સમયે ખાણ ખનીજ વિભાગની ટીમને મળેલ બાતમીના આધારે દેવગઢ બારીઆના નાથુડી ગામે પાનમ નદી વિસ્તારમાં ઓચિંતી તપાસ હાથ ધરતાં ખાણ ખનીજ વિભાગે સ્થળ પરથી ૫ હાઈવા મશીનો તેમજ ૧ ડમ્ફર મળી જેમાં ગેરકાયદેસર રેતી તેમજ સફેદ પથ્થરો ભરેલા હતા. જેની કુલ કિંમત રૂા.૧ કરોડ ઉપરાંતની હોવાની ચર્ચાઈ રહ્યું છે. ત્યારે ખાણ ખનીજ વિભાગની ટીમને જોઈ ખનન માફિયાઓ અંધારાનો લાભ લઈ નાસી ગયાં હતાં. ખાણ ખનીજ વિભાગે તમામ વાહનો કબજે કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ત્યારે અવાર નવાર તંત્રની નજરો રહેમ હેઠળ આવા રેત ખનન માફિયાઓ સતત બેફામ સક્રિય બની રહ્યાં છે. ત્યારે ચોક્કસ તત્વોના ઈશારે આ ગેરકાયદેસર ખનન થતું હોવાની પણ બુમો છડેચોક ઉઠવા પામી છે. દેવગઢ બારીઆની પાનમ નદીના તટ પરથી ગેરકાયદેસર રેત થનન તેમજ સફેદ પથ્થરોનું ખનન કરી આસપાસના જીલ્લાઓમાં તેમજ અન્ય રાજ્યોમાં આ જથ્થો ઠાલલવામાં આવતો હોવાની પણ છડેચોક બુમો ઉઠવા પામી છે. આવા સમયે દાહોદ જીલ્લા સંબંધિત કચેરી દ્વારા આવા ખનન માફિયાઓ સામે લાલ આંખ કરે તે અત્યંત આવશ્યક છે.

# છેતરપિંડી : સંજેલી તાલુકાના વેપારીઓ અને યુવાનો લોભામણી લાલચમાં લાખો રૂપિયા ગુમાવ્યા

સંજેલી,

સંજેલી તાલુકામાં છેલ્લા એક મહિનાથી યુવાનો અને વેપારીઓ રીમોવા નામની ઓનલાઇન એપ્લિકેશનમાં વિવિધ પ્રોડક્ટ ખરીદી કરી અને એકના ચાર ગણા રકમ કમાવવા લાગ્યા હતા. આનો ચસ્કો લાગતા જ કેટલાક લોકોએ તાલુકામાં ચાલતી વિવિધ ગ્રુપોમાં લિંકો નાખી અને સંજેલી સિંગવડ તાલુકાના લોકો રાતોરાત લખપતિ બનવાના ચક્કરમાં ઉછીના પાછીના અને રકમો ગીરવે મૂકી અને આ ઓનલાઈન એપમાં જોડાયા હતા.૨૭,૮૦૦ની ટોલી બેગમાં રકમ જમા કરો તો ૮૦ દિવસમાં દરરોજ ૧૦૮૪ પ્રમાણે ૮૬,૭૩૬ મેળવવાની લાલચ, ૮૧ હજારમાં ૮૦ દિવસમાં ૩૪૮૩ દરરોજમાં મળે કુલ ૨,૭૮,૬૪૦, ૫૬૦૦ની પ્રોડક્ટ પર ૮૦ દિવસમાં ૧૯૬ પ્રમાણે ૧૫૬૮૦ની રકમ આવી વિવિધ પ્રોડકોની લોભામણી લાલચ આપી અને લોકોને લલચાવ્યા અને લાલચમાં આવેલા મિત્રોએ એકબીજાના મિત્રોને તેમજ સગા સંબંધીઓને પટાવી ફોસલાવી અને આ પ્રોડક્ટમાં એકના ચાર ગણાની લાલચ બતાવી અને ઓનલાઈન એપ્લિકેશનના ખાતામાં રક્મ જમા કરાવી હતી. પરંતુ અચાનક ગઈકાલથી એપ્લિકેશનના બે દિવસથી રિટર્ન રકમ જમા થવાની બંધ થઈ જતા ચારે કોર ચર્ચાનો વિષય બન્યો છે.એકબીજા ઉપર લીંક શેર કરી આવી પ્રોડક્ટમાં ખોટી રીતે ભેળવી રકમ ચાલુ થઈ ગઈ છે, તેમ કહેનારા લોકો હવે પછતાઇ રહ્યા છે અને અંદરો-અંદર બોલાચાલીના દ્રષ્યો પણ સર્જાઈ રહ્યા છે. ભોગ બનેલા યુવાનો અને વેપારીઓ જોડે વાતચીત કરતા તેમણે જણાવ્યું હતું કે, આ એપ્લિકેશનમાં તેમના તેમ જ સગા સબંધિઓ અને રંધીકપુરથી તેમજ ગોધરાથી અને ઘરના અન્ય મેમ્બરોએ પણ લાલચમાં આવી અને ૧૨,૮૦૦થી માંડી અને એક દોઢ લાખ સુધીના નાણા જમા કરાવ્યા છે, પરંતુ છેલ્લા ૨ દિવસથી રકમ આવવાની બંધ થઈ જતા બધા ચિંતામાં છે.

# લીમખેડાના પાલ્લી ગામેથી મૃત હાલતમા મળી આવેલો યુવક ઉત્તર પ્રદેશના બડહલગંજનો હોવાનુ સામે આવ્યું

લીમખેડા,

દાહોદ જીલ્લાના લીમખેડા તાલુકાના પાલ્લી ગામે રેલ્વે સ્ટેશનની પાછળના વિસ્તાર માંથી એક અજાણ્યા યુવકનો મૃતદેહ બીનવારસી હાલતમા મળી આવતા પોલીસે મૃતકના પરિવારજનોની શોધખોળ કરી યુવકનો મૃતદેહ પરિવારજનોને સોપ્યો હતો.

પ્રાપ્ત વિગતો અનુસાર લીમખેડા તાલુકાના પાલડી ગામે આવેલા રેલવે સ્ટેશન વિસ્તારના પાછળના ભાગે આવેલ કોતર નજીકથી ગત ૨જી ઓકટોબરના રોજ એક અજાણ્યા યુવકનો મૃતદેહ બીનવારસી હાલતમા આવતા સ્થાનિક લોકોએ લીમખેડા પોલીસને જાણ કરતા લીમખેડા પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી. મૃતદેહને કબજો લઈ પોસ્ટમોર્ટમ કરાવ્યા બાદ મૃતદેહને દાહોદ ઝાયડસ હોસ્પિટલના કોલ્ડ સ્ટોરેજમા મુકવામા આવ્યો હતો. પોલીસે પાનકાર્ડ ના આધારે ઈન્કમટેક્સ વિભાગનો સંપર્ક કરતા ઈન્કમટેક્સ વિભાગે પાનકાર્ડ નંબર પરથી એક મોબાઇલ નંબર આપતા એ મોબાઇલ નંબરની કોલ ડિટેઈલ કઢાવતા તેમા મરણજનારના મામા વિનોદ માલીનો સંપર્ક કરતા તેને મરણ જનારના ફોટા સાથે પાનકાર્ડની વિગત મોકલતા તેના પરિવારનો સંપર્ક થયો હતો. મૃતક યુવક ઉત્તર પ્રદેશના ગોરખપુર જીલ્લાના ગોલા તાલુકાના બડહલગંજ ગામનો હોવાનું સામે આવ્યુ હતું.પરિવારજનોના જણાવ્યાં મુજબ મૃતક યુવક ઉત્તર પ્રદેશથી ટ્રેન મારફતે ગુજરાતમા રોજગારની શોધ માટે નીકળ્યો હતો.

# દે.બારીયા શહેરની એસ.બી.આઈ. શાખામાં તમામ ફોર્મે ઈંગ્લીશમાં ભરવા માટે ગ્રાહકોને પધરાવી દેવાતા હોય છે ???

દે.બારીયા,

દે.બારીયા શહેરની ભારતીય સ્ટેટ બેંક શાખામાં ગ્રાહકો તમામ સરકારી તથા અર્ધસરકારી તેમ કેન્દ્રીય વિભાગોના જેવાં કે, રેલ્વે તથા સેન્ટ્રલ મિલેટ્રી બી.એસ.એફ., મહેસુલી વિભાગ ફોરેસ્ટ વિભાગ તથા સિંચાઈ વિભાગ એસ.ટી.વિભાગના ડ્રાયવરો તથા કંડકટરો આની સાથી ચોથા વર્ગના કર્મચારીઓ આ શાખાના ખાતેદારો છે અને નવા ખાતેદારો આવતા હોય છે. તેમને ફોર્મમાં ખાતા ખોલવાનું ફોર્મ હોય કે પછી એ.ટી.એમ. માટેના ફોર્મ હોય કે પછી વારસદારના ફોર્મ હોય તમામ ફોર્મ કેપીટલ અક્ષરમાં ભરવાના હોય છે. તે ફોર્મ જે તે ટેબલનો કર્મી ભરી આપવામાં આવે છે. તે ફોર્મ ભરવા માટે ફરે છે પરંતુ જેની જવાબદારીમાં આવે છે તે કર્મી ફોર્મ ભરી આપતા નથી. જેથી ભારતીય સ્ટેટ બેંકના એરીયાના રીજીનીયોલ મેનેજર આ સમસ્યાનું વહેલી તકે નિરાકરણ લાવવા માટે પત્રના દ્વારા આદેશ જારી કરીને જે તે ફોર્મ આપનારા અથવા જે તે ટેબલના કર્મીની જવાબદારીમાં ફોર્મ ભરવાનું કાર્ય અને તેની કામની ફરજમાં આવતું કાર્ય શાખામાં આવતા માનવતા અભણ અને ગરીબ ગ્રાહકોને કરી આપવાના કડકમાં કડક સંદેશ આપે તેવી એસ.બી.આઈ.ના ગ્રાહકોની માંગ ઉઠવા પામી છે.

# ગોધરા તૃપ્તી હોટલ પાસે ખાણ-ખનિજ વિભાગની ટીમે ગેરકાયદેસર ખનિજ ભરેલ બે ટ્રક મળી ૮૦ લાખનો મુદ્દામાલ ઝડપ્યો

ગોધરા,

પંચમહાલ જીલ્લા ખાણ-ખનિજ વિભાગની ટીમ ગોધરા શહેર બાયપાસ હાઈવે માર્ગ પાસે આવેલ તૃપ્તિ હોટલ નજીક કવાર્ટ્ઝ ભરેલ ટ્રક ગ્રેવલ ભરીને પસાર થતી બે ટ્રક મળી ૮૦ લાખના મુદ્દામાલ સાથે બે ઈસમોને ઝડપી પાડવામાં આવ્યા.

પંચમહાલ ખાણ-ખનિજ વિભાગની ટીમ ગોધરા શહેર બાયપાસ હાઈવે માર્ગ વિસ્તારમાં રૂટીંગ ચેકીંગમાં નિકળી હતી. ત્યારે બાતમીદારો પાસેથી ચોક્કસ બાતમી મળી હતી કે, તૃપ્તિ ચોકડી નજીકથી એક ટ્રકમાં ખનિજ કવાર્ટ્ઝ અને એક ટ્રકમાં ખનિજ ગ્રેવલ ભરીને ગેરકાયદેસર રીતે પસાર થઈ રહ્યો છે. બાતમીના આધારે ખનિજ વિભાગે વોચ ગોઠવી કવાર્ટ્ઝ ભરેલ ટ્રક અને ગ્રેવલ ભરેલ ટ્રક મળી કુલ ૮૦ લાખના મુદ્દામાલ સાથે બે ઈસમોની અટકાયત કરવામાં આવી હતી. પકડાયેલા મુદ્દામાલ ગોધરા કલેકટર કચેરી ખાતે સીઝ કરવામાં આવ્યો.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 28, No.40

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર



# વિકાસ સપ્તાહ

ભારતના માનનીય વડાપ્રધાન અને ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 23 વર્ષ પહેલાં **7 ઑક્ટોબર 2001**ના રોજ પ્રથમવાર મુખ્યમંત્રી તરીકે શપથ લીધા.

# 23 વર્ષ...
## સફળ અને સક્ષમ નેતૃત્વના

24 કલાક વીજળીની સંકલ્પના થઈ સાકાર

ઊર્જાશક્તિ, જળશક્તિ, જ્ઞાનશક્તિ, જનશક્તિ અને રક્ષાશક્તિના પંચામૃતથી થઈ રહ્યું છે ગુજરાત વિકસિત

ગરબા, ધોરડો અને સ્મૃતિવન થયાં આંતરરાષ્ટ્રીય ખ્યાતિથી સુશોભિત



સૌથી ઊંચા સ્ટેચ્યુ, સૌથી મોટા સ્ટેડિયમથી બન્યાં ગૌરવાન્વિત

ગિફ્ટ, ડાયમંડ બુર્સ અને ધોલેરા બની રહ્યા છે વિકાસના નિમિત્ત

રિન્યુએબલ ઊર્જાના પર્યાય તરીકે સ્થાપિત

દેશના ગ્રોથ એન્જિન તરીકે પ્રસ્થાપિત

પ્રો-પીપલ ગવર્નન્સ, પૉલિસી ડ્રિવન સ્ટેટ તરીકે સંસ્થાપિત





**વિકસિત ભારતના નિર્માણ માટે ગુજરાત છે સમર્પિત**